**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૦૬/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૭૩/૧૮

## પાલડી પોલીસ સ્ટેશન :-

મે ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા મે નાપો.કમી શ્રી ઝોન ૭ તથા અધિક.પો.કમી. શ્રી "એન" ડિવિઝન નાઓએ આપેલ સુચના મુજબ પો.સ્ટે. વિસ્તાર મા મિલકત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધયેલ ગુના શોધી કાઢવા આપેલ સુચના અન્વયે પ્રો.પો.સ.ઇ. એ.એસ .ગરચર તથા વુ.મ.સ.ઇ વર્ષાબેન મનજીભાઇ તથા પો.કો. ઇમ્તીયાઝઅલી ઉમરાવઅલી બ.નં. ૩૫૮૭ તથા પો.કોન્સ. મનોરથસિંહ ગંભીરસિંહ બ.નં. ૭૧૮૪ તથા પો.કો ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ બ.નં. ૧૧૮૪૪ તથા એલ.આર.વનરાજસિંહ મંગળસિંહ બ.નં.૧૮૮૮ તથા એલ.આર જયમીન મહેશભાઇ બ.નં.૧૨૭૧ વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલિંગમા હતા દરમ્યાન સાથેના પો.કો. ઈમ્તીયાઝઅલી ઉમરાવઅલી તથા એલ.આર જયમીન મહેશભાઇ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ જે બાતમી આધારે મહાલક્ષ્મી પાંચ રસ્તા નજીક વોચ દરમ્યાન બાતમીના વર્ણન વાળી મરૂન કલરની એક્ટીવા ઉપર બે ઈસમો અંજલી ચાર રસ્તા તરફથી આવતા કોર્ડન કરી રોકી એક્ટીવા ચાલકનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અરબાઝખાન અસલમખાન પઠાણ ઉ.વ.૨૦ ધંધો-નોકરી રહે.મ.નં.૫૦ હુસેની પાર્ક વિભાગ-૧, ફઝલે રબ્બી સોસાયટી સામે, બરફની ફેક્ટરી રોડ, જુહાપુરા અમદાવાદ નાનો હોવાનુ જણાવેલ તેમજ તેની પાછળ બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અરબાઝખાન અશરફખાન પઠાણ ઉવ-૨૦ ધંધો- બેકાર રહે- મ.નં. ૯૧ જી-વોર્ડ પાણીની ટાંકી પાસે,સંકલીતનગર,જુહાપુરા અમદાવાદ નાનુ હોવાનુ જણાવેલ જેથી એક્ટીવાની ડેકી ચેક કરતા એક્ટીવાની ડેકીમાંથી બે મોબાઇલ ફોન મળી આવેલ.જેમા એક મોબાઇલ ફોન કાળા કલરનો LENOVO કંપની નો K8 PLUS મોડલનો જેનો IMEI નં-867062033249014 તથા 86706233249022 નો છે. જેની કિં રૂ-૧૦,૦૦૦/- ગણી શકાય. તેમજ બીજો મોબાઇલ ફોન ગુલાબી કલરનો APPLE i PHONE 7 જેનો IMEI નં-353778086443383 નો જેની કિ- રૂ-૪૮,૦૦૦/- ગણાય સદરી બંને ઇસમો પાસે મોબાઇલો ના બીલ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવી કોઈ સંતોષકારક જવાબ આપી શકેલ ન હોય જે બાબતે તેઓને વધુ સખ્તાઇથી પુછ પરછ કરતા પાલડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૪૮/૧૮ ઇ.પી.કો.કલમ ૩૯૨,૩૯૪ ના ગુનાના કામે બંને મોબાઇલની લૂટ કરેલાની કબૂલાત કરેલ છે. જે બાબતે બંને ઇસમોના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## <u>સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :-</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા અંગેની સુચના આધારે મે.સેક્ટર-૧ સાહેબ શ્રી તેમજ ઝોન-૧ સાહેબશ્રી તેમજ મ.પો.ક્મિ.શ્રી “ક” વિભાગ અમદાવાદ શહેર નાઓશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.પટેલ સાહેબના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે તારીખ-૨૦/૦૬/૧૮ ના રોજ આરોપીઓ (૧) ભરતભાઇ દેવાભાઇ ઠાકોર ઉ.વ.૨૧ હાલ રહે- જીગ્નેશભાઇ કાંતીભાઇ પટેલના ખેતરમાં, રાયસણ ગામ, તા-જી-ગાંધીનગર તથા મુળ વતન ગામ- બાસપા તા-સમી જી-પાટણ (૨) જયેશ @ જહાજી હેંગોળજી ઠાકોર ઉ.વ.૧૯ રહે- ગામ-વડનગર તા-રાધનપુર જી-પાટણ (૩) સંજયપુરી અંબાપુરી ગૌસ્વામી ઉ.વ-૨૫ રહે- ગામ-બાસપા તા-સમી જી-પાટણ તથા (૪) મહેશજી નભાજી ઠાકોર ઉ.વ-૨૦ રહે-ગામ-બાસપા તા-સમી જી-પાટણ નાઓને ઉપરોક્ત ગુનામાં આજરોજ તા-૨૦/૦૬/૨૦૧૮ ના કલાક-૧૫/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ જે આરોપીઓ પાસેથી (૧) બજાજ પલ્સર મો.સાયકલ તથા (૨) સ્પ્લેન્ડર મો.સાયકલ તથા (૩) યામાહા મો.સાયકલ કબજે કરવામાં આવેલ જેઓની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા તેઓ ચારેય આરોપીઓ અત્રે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તેમજ વસ્ત્રાપુર પો.સ્ટેશન વિસ્તારમાં વાહનચોરીની કબુલાત કરેલ અને તેઓ પાસેથી અત્રે સોલા હાઇકોર્ટ પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં-૧૮૪/૧૮, ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ તથા વસ્ત્રાપુર પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં-૧૨૪/૧૮, તથા ફર્સ્ટ ગુ.રજી.નં-૧૨૫/૧૮ ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબના શોધી કાઢવામાં આવેલ અને ગુનામાં ચોરાયેલ મુદ્દામાલ વાહનો સાથે પકડી અટક કરી વાહનચોરીના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલી કાઢતી સોલા હાઇકોર્ટ પોલીસ.

## <u>ખાડીયા પોલીસ સ્ટેશન :-</u>

મહે.પોલીસ કમિશ્નર શ્રી, અ'વાદ શહેર તથા મહે.ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા મહે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૩, અ'વાદ શહેર તથા મહે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, “ઇ” ડિવીઝન અ'વાદ શહેર તથા ખાડીયા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ.શ્રી જી.એસ.શ્યાન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ચીખલી પો.સ્ટે. ના પ્રોહી.ગુ.ર.નં-૨૪૭/૧૬ પ્રોહી. કલમ-૬૬(૧)બી,૬૫એઇ,૧૧૬(૨),૮૧ મુજબના ગુનાના કામનો નાસતો-ફરતો આરોપી અત્રેના ખાડીયા પો.સ્ટે. વિસ્તારમા રહેતા હોય જેને શોધી કાઢવા સારૂ મળેલ સુચનાઓ આધારે સર્વે. પો.સ.ઇ. જે.ડી.પંડયા તથા પો.કો.- પંકજકુમાર ભલજીભાઇ બ.નં-૧૩૦૮૧ તથા પો.કો ભાગ્યદીપભાઇ મહેશભાઇ બ.નં-૮૫૨૨ તથા અ.લો.ર. હિતેન્દ્રસિંહ જગદીશસિંહ બ.નં-૫૫૬ તથા અ.લો.ર.- યોગેન્દ્રસિંહ રઘુવીરસિંહ બ.નં-૧૪૭૮ નાઓએ ઉપરોક્ત ચીખલી ગુનામા નાસતા-ફરતા આરોપી નામે ધ્રુવ ઉર્ફે ડમડમ રાજેશભાઇ ગાંધી રહે.-મ.નં-૭૬૬, લાલાવાસાની પોળ,સાંકડી શેરી રાયપુર અમદાવાદ-શહેર નાઓને આજ રોજ તા.-૨૧/૦૬/૨૦૧૮ ના કલાક-૨૨/૩૦ વાગ્યે સી.આર.પી.સી કલમ-૪૧(૧)આઇ, મુજબ ડીટેઇન કરી સદરી આરોપીને નવાસારી જીલ્લાની એસ.ઓ.જી. શાખા ખાતે સોંપવા તજવીજ કરેલ છે જે સારી કામગીરી અત્રેના પો.સ્ટે. ખાતેના અધિકારીશ્રી/કર્મચારીઓ દ્વારા સારી કામગીરી કરવામાં આવેલ છે. તા.-૨૧/૦૬/૨૦૧૮.

## અપહરણ તથા લુટના ગુનાના કામે આરોપીઓને પકડી પાડતી આનંદનગર પોલીસ સ્ટેશન

મે.નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૭ તથા અધિક નાયબ પોલીસ કમીશ્નર શ્રી એન ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના હેઠળ પોલીસ ઇન્સ્પેકટરશ્રી આનંદનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગ દર્શનથી સર્વેલન્સ પોલીસ સબ ઇન્સ્પેકટર કે.ડી.જાદવ તથા હે.કો.મગનભાઇ નરસિંહભાઇ તથા પો.કો.શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો. વિજયભાઇ મગનભાઇ તથા પો.કો. કીરીટભાઇ જેરામભાઇ તથા હે.કો.વસંતસિંહ સોમસિંહ તથા પો.કો.હરીસિંહ જુવાનસિંહ તથા વુ.પો.કો. ધર્મિષ્ટાબા મનુભા નાઓએ આનંદનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૮૭/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૬૫,૩૯૪,૩૯૭,૫૦૬(૧),૧૨૦(બી),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનાં કામના સંડોવાયેલ એક સફેદ કલરની કાર નં.જી.જે.-૨૭-સી-૬૦૮૩ આધારે આરોપીઓ (૧) ગોપાલ સ/ઓ રામસેવક બ્રિજપાલસીંગ રાઠોડ ઉવ.૨૧ રહે,સી/૫૦૫ સાસ્વત વિનાયક ફલેટ રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ રીંગ રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ ગામ ખરસુલીયા જિ અલીગંજ (યુ.પી.) (૨) સુરજ સ/ઓ રામધારી રામભસરોસે ગુપ્તા ઉવ.૧૯ રહે,૪૩ પ્રયાગપાર્ક સોસાયટી વસ્ત્રાલ ગામ અમદાવાદ મુળ મુળચંદ બાબુભાઇની ચાલી રામનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ મુળ ગામ ભખેવર જિ.ઇટાવા (યુ.પી.) (૩) મોહન સ/ઓ લાલબહાદુર બૈજુ ચૌહાણ ઉવ.૨૬ રહે, ટી/૫૦૧ માધવ ઓમ્સ એક લવ્ય સ્કુલની બાજુમાં વિનાયક પાર્ક સામે મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર મુળ પ્રિતમ સીગની ચાલી રામનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ મુળ વતન ગામ ગુરવટ ચોલાપુર (યુ.પી.) નાઓને તાત્કાલીક અટક કરી ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મારૂતી વાન ,હથિયાર તથા મોબાઇલ ફોન- ૩ કબજે કરી અત્રેના પોલીસ સ્ટેશન તથા રીવર ફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪/૨૦૧૮ ઇ.પી.કો. ક્લામ ૩૯૨,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો શોધી કાઢી આરોપી નં.૨ નો તડીપાર હોય જી.પી.એકટ કલમ ૧૪૨ મુજબ અલગથી કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**<u>પ્રોહીબીશન સબંધી</u>**

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા અધિક ના.પો.કમીશ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારની ગેરકાયદેસર પ્રવુતી નેસ્તનાબુદ કરવા કરેલ સુચના મુજબ પ્રોહીની અસામાજીક પ્રવુતી આચરતા ઇસમ નામે વિનોદભાઇ ગોતાભાઇ જાતે- ચુનારા ઉવ.૪૦ રહે- કોયલી તલાવડીના છાપરા જી.ઇ.બી. સબ સ્ટેશનની બાજુમા નારોલ અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં નારોલ પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમાં પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમીશ્નર સા. મોકલી આપતા પ્રોહીની અસામાજીક પ્રવુતી અટકાવવા સારૂ પાસા અટકાયતી હુકમ ક્રમાક પીસીબી/ડીટીએન/પાસા/૪૮૦/૨૦૧૮ તા.૨૧/૦૬/૨૦૧૮ થયેલ જે આરોપીને આજ-રોજ તારીખ.૨૨/૦૬/૨૦૧૮ ના કલાક ૧૫/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જામનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .તા.૨૨/૦૬/૧૮

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"નારોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "નારોલ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.